**<u>આંક: ૧ અન્વયે હુકમ</u>**

- આ કામ આજરોજની કાયમી લોક અદાલત સમક્ષ પક્ષકારો વચ્ચે રહેલી તકરારોનું સમાધાનની રુએ નિરાકરણ આવી શકે તે હેતુથી હાથ ઉપર લેવામાં આવ્યું. અરજદાર તથા તેમના વિ. વ. શ્રી. તેમજ સામાવાળા વિમા કંપની તેમજ તેમના વિ. વ. શ્રી.આજરોજ કોર્ટ સમક્ષ હાજર રહેલ છે. જેઓએ **<u>આંક : ૧૪</u>** થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે જે યોગ્ય રીતે વેરીફાય કરવામાં આવેલ છે. જેથી તે પુરશીસ રેકર્ડ પર લેવામાં આવી છે અને કામમાં દાખલ કરવામાં આવેલ છે.

- હાલની વળતર અરજીના કુલ એન્ડ ફાઇનલ વળતર સંદર્ભે સામાવાળા વિમા કંપની નં. **<u>(૩) બજાજ એલાયન્સ જનરલ ઈન્સ્યોરેન્સ કંપની લી. એ અરજદારને કુલ રુ.૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા)</u>** ચુકવી આપવાનું કબુલ કર્યુ છે અને અરજદારે પણ તેવી રકમ હાલની વળતર અરજીના કુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ તરીકે સ્વીકારી સામાવાળા વિમા કંપની ને બાકીની રકમ ચુકવવાની જવાબદારીમાંથી મુક્ત કર્યાનું કબુલ રાખ્યું છે.

- સબબ સદર સામાવાળા વિમા કંપનીએ સમાધાન મુજબની રકમ આજથી **<u>ત્રણ માસમાં</u>** અરજદારને ચુકવી આપવાના આશયથી અત્રેની ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે અને તેમાં નિષ્ફળ થયેથી અરજદાર સદર સમાધાન મુજબની રકમ સમાધાનની તારીખથી **<u>૯%</u>** ના વ્યાજ સહીત સામાવાળા વિમા કંપની પાસેથી વસુલ મેળવવા હક્કદાર રહેશે.

- સામાવાળા વિમા કંપનીએ વચગાળા તરીકે ચુકવેલી રકમ સમાધાનની રકમમાંથી બાદ ગણવાની રહેશે. અને ત્યારબાદ બાકી રહેતી રકમ તમામ રકમ અરજદારને સરખે હિસ્સે વહેંચવી.

- અરજદાર નં-૧ ના હિસ્સાની રકમમાંથી મેડીકલ બીલની રકમ રોકડમાં આપવી અને ત્યારબાદ બાકી રહેતી રકમમાંથી ૫૦% રકમ રોકડામાં આપવી જયારે બાકીના હિસ્સાની રકમ તેમની મનપસંદની કોઇપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં પાંચ વર્ષ માટે F.D. કરવાની રહેશે.

- પક્ષકારોનો ખર્ચ પક્ષકારોને શિરે રહેશે.

- મળવાપાત્ર જો હોય તો કોર્ટ રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવું.

- હુકમ મુજબ એવોર્ડ તૈયાર કરવો.

સ્થળ: અમદાવાદ.
તારીખ : ૧૨/૧૧/૨૦૨૨

**(દર્શન કે.દવે)**
બીજા એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
એમ.એ.સી.ટી. (ઓક્સી.૨), અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં. જીજે૦૦૫૧૯